# PARLIAMENT OF INDIA

(Joint Recruitment Cell)

Examination for Recruitment to the Post of

Parliamentary Interpreter (Gujarati) in Lok Sabha Secretariat (Grade-II)

Paper II

Translation from Gujarati into English

2.1.2015

Time: One Hour...................................................................................................Marks: 200

Translate the following:

તા.૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની રચના થતાં 'શિક્ષણ અને મજૂર વિભાગ' એ નામે એક સંયુકત વિભાગ અમલમાં આવ્યો. તે સમયના શિક્ષણ વિભાગમાં સમાજ કલ્યાણ, મજૂર, નશાબંધી અને આબકારી તથા રોજગાર વિભાગનો સમાવેશ કરેલો હતો. વહીવટી કારણોસર પાછળના વિષયો ક્રમશઃ શિક્ષણ અને મજૂર વિભાગ પાસેથી લઇ લેવાયા અને ઓગષ્ટ,૧૯૭૬થી શિક્ષણ વિભાગ તરીકેનો સચિવાલયનો એક અલગ વિભાગ અસ્તિત્વમાં આવ્યો. જે પ્રાથમિક શિક્ષણ, નિરંતર અને સાક્ષરતા શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, ટેકનીકલ શિક્ષણ, ફાર્મસી શિક્ષણ સહિત શિક્ષણ અંગેની કામગીરી સંભાળે છે.

નીતિ વિષયક માળખું :-

૧) નિરંતર શિક્ષણ અને સાક્ષરતાનો મહત્વનો કાર્યક્રમ.

૨) ૬ થી ૧૪ વર્ષની વયનાં બાળકો માટે પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિક બનાવવાની ઘણી જ મોટી ટોચ-મર્યાદા.

૩) માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના વિસ્તૃતિકરણનું નિયંત્રણ અને માધ્યમિક કક્ષાએ વ્યવસાયીકરણ અમલમાં મૂકવું તેમજ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સુધારણા.

૪) આયોજન અને આયોજન બહારની જોગવાઇઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા અને શિક્ષણ ક્ષેત્રે કરેલ રોકાણનો ઉત્તમ ઉપયોગ અને વિકાસનો હેતુ સાધવો.

૫) અમલીકરણની ગુણવત્તા સુધારવી.

આ બૃહદ ઉદ્દેશને લક્ષમાં રાખીને શિક્ષણ વિભાગ, શિક્ષણને લગતી નીતિઓ ઘડે છે. એના અમલ પર પણ દેખરેખ રાખે છે અને માર્ગદર્શન તથા હુકમોના સ્વરૂપે આદેશો બહાર પાડે છે. આમ શિક્ષણને લગતી બાબતોનો સમગ્ર હવાલો સંભાળે છે. કામકાજના નિયમો હેઠળ વિભાગને સુપ્રત કરાયેલ વિષયો પરિશિષ્ઠ-ક માં દર્શાવેલ છે. શિક્ષણ વિભાગના વડા તરીકે બે સચિવો છે, જેમાં એક અગ્ર સચિવશ્રી (શિક્ષણ) અને સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ) છે. તેમાં ૭ નાયબ સચિવો અને ૮ ઉપસચિવો છે. જુદા જુદા વિષયો અંગે કામ કરતી જુદી જુદી શાખાઓ છે અને સેકશન અધિકારીઓ ૧૮ (રાજ્યપત્રિત વર્ગ-૨) તે શાખાના વડા છે. શિક્ષણ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ ૮ ખાતાંના વડા અને એક વૈધાનિક બોર્ડ છે.

શિક્ષણ વિભાગની કામગીરી ગુજરાત સરકારના કામકાજના નિયમો હેઠળ ઠરાવેલ વિષયો અંગે

મંત્રીશ્રી કક્ષાએ જે જે સત્તાઓ અંકિત કરવામાં આવી છે તે મુજબ કરવામાં આવે છે.

આ ઉપરાંત રાજયની નીતિને લગતી બાબતો માટે વિધાનસભામાં પુછાનાર તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો, તેના અનુસંધાને ઊભી થતી ખાતરીઓ, વિધાનસભાએ રચેલી જાહેર હિસાબ સમિતિ, પંચાયતી રાજ્ય સમિતિ સહિતની વિવિધ સમિતિઓની કામગીરીનો પણ સમાવેશ થાય છે.